Celebrating ઘનશ્યામ 50 Years of Spirituality

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-
૧૦ નવેમ્બર, ૨૦૨૫
વર્ષ : ૫૦ ● અંક : ૧૧



નૂતન વર્ષે પ્રેમીભક્તોના મનોરથે અન્નકૂટ આરોગતા ઘનશ્યામ મહાપ્રભુ



૧



૨



૩



૪

## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ



૫



૬



૭



૮

 (૧-૮) રામસૌર બડા (રાજ.), સંજેલી, લુણાવાડા તેમજ કુબેરના મુવાડા ખાતે દિવ્ય સત્સંગ વિચરણ



# ઘનશ્યામ

૧૦ નવેમ્બર, ૨૦૨૫ ● વર્ષ : ૫૦ ● અંક : ૧૧

## અનુક્રમણિકા...


૦૪ દિવ્યવાણી

૦૭ વચનામૃત સાર : લોયા-૧૩ (ભાગ-૧)

૦૯ અમૃત કે ઝેર

૧૨ કથાવાર્તાના આગ્રહી

૧૪ મારા બાપાશ્રી


# GHANSHYAM

10 November, 2025 • Year : 50 • Edition : 11


| | | |
|---|---|---|
| પ્રકાશક | : | સાધુ ભક્તવત્સલદાસ |
| મુદ્રક | : | સાધુ પૂર્ણસ્વરૂપદાસ |
| માલિક | : | સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા **(SMVS)** |
| મુદ્રણ | : | વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ |
| તંત્રી | : | નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી |
| સહતંત્રી | : | સાધુ રાજીપાસ્વરૂપદાસ |
| સંપાદક | : | સાધુ નિર્ગુણજીવનદાસ |
| લેખનકાર્ય | : | લેખકવૃંદ |
| આદ્ય સ્થાપક | : | શુદ્ધ ઉપાસના પ્રવર્તક<br>અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી<br>(ગુરુદેવ પ.પૂ. બાપજી) |
| પ્રેરક | : | પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી<br>(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી) |


સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.


**પત્રવ્યવહાર માટેનું સરનામું :**

ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૭ Visit : www.smvs.org I Email : magazine@in.smvs.org


કુલ પેજ : ૨૪ + ૪ ટાઈટલ = ૨૮

**'GTPL-ભક્તિ' ચેનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**



# દિવ્યવાણી

**તા. ૧૭-૯-૨૦૨૫ની ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીમાંથી સંકલિત**

શ્રીહરિનો પરભાવી સત્સંગ સ્થાપવાનો સંકલ્પ હતો. તે માટે ચારેય સ્વરૂપને વિષે દિવ્યભાવની દઢતા કરાવવા ઓરડાના પદમાં પોતાની મૂર્તિ, લોક, ભોગ અને મુક્તને વિષે દિવ્યભાવની દઢતા કરાવી છે. ચારમાં પણ જો મુક્ત અર્થાત્ મોટાપુરુષને વિષે દિવ્યભાવની દઢતા થઈ જાય તો બાકીનામાં સહજ થઈ જાય. સત્પુરુષને વિષે દિવ્યભાવની દઢતા કરાવવા તા. ૧૭-૯-૨૦૨૫ના રોજ સંકલ્પ સભામાં વ્હાલા ગુરુજીએ વિશેષ લાભ આપ્યો હતો તેને વાગોળીએ.

શ્રીજીમહારાજે પોતાના સંબંધવાળા લોક, ભોગને દિવ્ય કહ્યા છે. તો જેઓ નિરંતર મૂર્તિમાં જ રહે છે, જે ખરેખર દિવ્ય જ છે તેમને વિષે માયિકભાવ કેવો ? મોટાપુરુષને દિવ્ય સમજી એમનું સેવન કરવાની રીત સમજાવવા જ શ્રીજીમહારાજે એક વર્ષથી સંત થયેલા સદ્. ગોપાળાનંદ સ્વામીને જૂના સંતોના મંડળધારી કર્યા. સૌને તેમનો તથા પર્વતભાઈનો સમાગમ કરવાની આજ્ઞા કરી.

સ્વયં શ્રીજીમહારાજે મોટાપુરુષના પરભાવી સ્વરૂપને સમજાવવા માટે વચનામૃતમાં અનેક વાર સર્ટિફિકેટ આપ્યાં છે. તેમ છતાં બુદ્ધિના પ્રદોષે તેમને વિષે જેટલો મનુષ્યભાવનો સંકલ્પ થાય તેટલું સ્વયં મહારાજે આપેલું સર્ટિફિકેટ ફાડી નાખ્યું કહેવાય. નાના હોઈએ ત્યારે ‘મા’ના વચનમાં વિશ્વાસ રાખી પિતા, કાકા, મામાની હા પાડીએ છીએ. વસ્તુ-પદાર્થના નામની ઘેડ્ય પડી જાય છે. ક્યારેય ‘મા’ના વચનમાં તર્ક થયો છે ? ના. તો પછી ‘મા’ના વચન જેટલો પણ મહારાજના વચનમાં વિશ્વાસ નહીં !! જેટલો વિશ્વાસ આવે એટલું કામ થઈ

ઉપકારમાં એકાકાર બને તે જ પ્રભુમાં તદાકાર બને.

જાય.

બાપાશ્રીએ ભાગ-૧ની ૭૬મી વાતમાં પ્રત્યક્ષ સત્પુરુષનો મહિમા સમજાવતાં કહ્યું છે, “પરોક્ષના જેવો પ્રત્યક્ષનો મહિમા જણાતો નથી.” એ જ મોટામાં મોટી ભૂલ છે, એ જ મોટામાં મોટી ઘાંટી છે. પરોક્ષ એટલે વર્તમાનકાળે નથી તે. પ્રત્યક્ષ હોય તેને ઓળખવા કઠણ છે. પછી વેદાંતાનંદ બ્રહ્મચારીની વાત કરી કે, તેઓ શ્રીજીમહારાજની અડેલી પ્રસાદી જમતા નહીં. શ્રીજીમહારાજ અંતર્ધાન થયા પછી એક વાર સદ્. નિર્ગુણદાસજી સ્વામી ભૂજ પધાર્યા હતા. બ્રહ્મચારી ઠાકોરજીને થાળ કરી જમાડવા બેઠા ત્યારે સ્વામીએ પૂછ્યું, “બ્રહ્મચારી, મહારાજ બિરાજતા ત્યારે તો મહારાજની અડેલી પ્રસાદી જમાડતા ન હતા. તો પછી આજે આ થાળની પ્રસાદી કેમ જમો છો ?” પછી તો બ્રહ્મચારીને ખૂબ પસ્તાવો થયો. ખૂબ રડ્યા કે હું મહારાજને ઓળખી ન શક્યો. મોટાપુરુષ બિરાજતા હોય ત્યારે તેમને ઓળખીને સેવી લેવા.

સદ્. વૃંદાવનદાસજી સ્વામીને ગુરુ માધવજીવનદાસજી સ્વામીએ કહ્યું, “સાધુરામ, સત્સંગમાં થોડા વહેલા આવ્યા હોત તો નંદસંતોનાં દર્શન થાત.” તરત જ સદ્. વૃંદાવનદાસજી સ્વામીએ કહ્યું, “ગુરુજી, શ્રીજીમહારાજે દયા કરીને મારા સારુ તો આપને રાખ્યા છે. મારે તો આપનાં દર્શન, સેવા, સમાગમમાં બધાય નંદસંતો આવી ગયા.” આને કહેવાય પ્રત્યક્ષને વિષે પ્રતીતિ. મોટાપુરુષને કોણ સેવી શકે ? ક્યારે સેવી શકે ? જે પરભાવી દિવ્ય સત્પુરુષનું સાંનિધ્ય મળ્યું હોય તેમનો દિવ્યભાવે મહિમા સમજે તે. અહોભાવ અને મહિમા જેના પ્રતાપે સુખી થયા હોય તેમનો કૃતજ્ઞભાવ દૃઢ કરાવે.

એક જંગલમાં રાજા શિકાર કરતાં રસ્તો ભૂલ્યા. ગાઢ જંગલમાં એક યુવાન મળી ગયો. તે રાજાને પોતાના ઘરે લઈ ગયો. રાજાની આગતા-સ્વાગતા કરી જમાડ્યા. રસ્તો બતાવી સહી સલામત જંગલની બહાર મૂકી ગયો. રાજાએ તેની સેવાથી રાજી થઈ રાજ્યમાં નોકરીએ રાખ્યો. યુવાન સોંપેલું કામ પૂરી નિષ્ઠા અને ધગશથી કરતો. તેથી અંગત પ્રધાનના પદ સુધી પહોંચી ગયો. આથી બીજા દરબારીઓને ઈર્ષ્યા થવા લાગી. તેમણે પ્રધાનની દિનચર્યા ઉપર નજર રાખવા માંડી. પ્રધાનને ગુનેગાર ઠેરવવા રાજાને ફરિયાદ કરી કે, “તમારો અંગત પ્રધાન દરરોજ નગરની બહાર આવેલા અવાવરા ઓરડામાં કંઈક કરવા જાય છે. આપણે તેની તપાસ કરવી જોઈએ.”

એક દિવસ અંગત પ્રધાન ઓરડામાં ગયા. એ વખતે રાજા દરબારીઓ સહિત ત્યાં પહોંચ્યા. ઓરડો આખો ખાલીખમ હતો. માત્ર એક પ્રધાનના કદનો અરીસો જ હતો. એટલામાં એક દરબારીએ અરીસાની પાછળ પડેલી પોટલી જોઈ. પ્રધાન પાસે તે ખોલાવડાવી. જોયું તો પોટલીમાં પ્રધાનનાં ફાટેલાં કપડાં નીકળ્યાં. રાજાએ પૂછ્યું, “આ શું છે ?” ત્યારે ક્ષોભ સાથે પ્રધાને કહ્યું, “રાજન, હું દરરોજ ઓરડામાં આવી પ્રધાનનાં કપડાં કાઢી આ ફાટેલાં કપડાં પહેરી કાચમાં પોતાને જોઉં છું. પોતાની જાતને કહું છું કે, તું આજે જે કાંઈ છે તે રાજાની કૃપાથી છે. જો રાજાએ કરેલી કૃપાને ભૂલી જઈશ તો તારા માટે આ કપડાં તૈયાર જ છે.” રાજા પ્રધાનનો જવાબ સાંભળી ખૂબ રાજી થઈ ગયા.

પ્રધાનની જેમ આપણે પણ વિચારવું કે આપણી પાસે ગાડી, બંગલા, સત્તા, સંપત્તિ, આવડત-બુદ્ધિ જે કાંઈ છે તે મોટાપુરુષને લઈને છે, એમના પ્રતાપે સુખી છીએ. આ બધું આપણી આવડત-બુદ્ધિનું નહિ, મોટાપુરુષની કૃપાનું પરિણામ છે. જે દિવસે આ ભૂલ્યા તે દિવસે જેમને આપતા આવડે છે તેમને લઈ લેતા પણ આવડે છે, લઈ લેશે. માટે મોટાપુરુષે કરેલી કૃપાને ભૂલી ન જવાય તેનો ખૂબ ખટકો રાખવો.

ભાવનગરના મહારાજા ભાવસિંહજી ટેનિસના ખૂબ શોખીન હતા. રોજ સાંજે અંગત મિત્રો સાથે તેઓ ટેનિસ રમતા. મેદાનમાં એક બાજુ મહારાજા અને દીવાન પ્રભાશંકર પટણીની જોડી અને બીજી બાજુ દરબાર કાળુભા અને મંગળસિંહની જોડી – આ રીતે દરરોજ રમતા. એક દિવસ મહારાજાએ ટીમમાં થોડો બદલાવ કર્યો. પ્રભાશંકર પટણીને સામેની ટીમમાં મોકલ્યા અને સામેની ટીમમાંથી દરબાર કાળુભાને પોતાની ટીમમાં બોલાવ્યા. રમત ચાલુ થઈ પણ પ્રભાશંકર પટણીને આજે રમવામાં રસ ન હતો. થોડી વાર રમી તેમણે કહ્યું, “માફ કરજો મહારાજા, પણ મારી તબિયત ઠીક નથી માટે આગળ નહિ રમાય. તેથી હું જાઉં છું.” એમ કહી તેઓ મેદાન છોડી જતા રહ્યા.

બીજા દિવસે પ્રભાશંકર પટણી રાબેતા મુજબ મહારાજાની ટીમમાં ગોઠવાઈ ગયા. મહારાજાએ આવી કહ્યું કે, “પટણી, ગઈ કાલે આપણે ટીમની ફેરબદલી કરી હતી તે ભૂલી ગયા ?” પ્રભાશંકર પટણીએ બે હાથ જોડી કહ્યું, “મહારાજા, હું આપની આજ્ઞાનું ઉલ્લંઘન કરી રહ્યો છું તે બદલ માફ કરજો. પણ હું આપની સામે નહિ રમી શકું. આપ મારા રાજા છો. મારા તારણહાર છો. મારા અન્નદાતા છો. હું જે કાંઈ છું તે આપને લઈને છું. રમતમાં આપની હારનો નિમિત્ત હું કેમ થઈ શકું ? હું મારો રમવાનો શોખ છોડી દઈશ. પણ આપની સામે નહિ રમી

જેને ઉપકારનો ઉદ્‌ગાર છે એને ગુરુ આરપાર છે.

શકું. વધુ આગ્રહ કરશો તો નોકરી પણ છોડી દઈશ. જેના પ્રતાપે યશ, કીર્તિ, બહુમાન પામ્યો છું તેમની સામે હું પડું ? એમને હરાવવામાં હું મદદરૂપ થાઉં તો મારી જાતને ધિક્કાર છે.''

પ્રભાશંકર પટણી જેને લઈને સુખી હતા એવા મહારાજા સામે કદી માથું ઊંચું કરીને તેમણે જોયું નથી. તેમ આપણે જે કાંઈ છીએ તે મોટાપુરુષને લઈને છીએ. કદી તેમની સામે આપણું માથું ઊંચું ન થાય તે એમનો મહિમા સમજ્યા કહેવાય.

બુદ્ધના શિષ્ય સારિપુત્ર ગુરુવચને દૂર જાય છે. પોતે સ્વયં બુદ્ધ બની ગયા હોવા છતાં દરરોજ સવારે બુદ્ધ જે દિશામાં હોય તે દિશામાં ઝૂકીને દંડવત કરતા. આ જોઈ તેમના શિષ્યએ પૂછ્યું, ''આપ સ્વયં બુદ્ધ છો. તો શા માટે ઝૂકો છો ?'' ત્યારે સારિપુત્રએ કહ્યું, ''જેના પ્રતાપે હું બુદ્ધ થયો છું તેમનો અનુગ્રહ ભૂલ્યો ભુલાતો નથી. એમના ઉપકારોનું સ્મરણ કરતાં અનાયાસે જ ઝૂકીને દંડવત થઈ જાય છે.'' પોતે સિદ્ધ હોવા છતાં ગુરુનો અનુગ્રહ ભૂલ્યા નહીં. તેમ આપણે અધ્યાત્મ કે વ્યવહારમાં જેને લઈને કંઈક પામ્યા હોય તેમનો અનુગ્રહ કદી ભુલાવો જોઈએ નહીં.

સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ બીજા પ્રકરણની ૩૬મી વાતમાં કહ્યું છે, **''સારામાં સારું તે શું છે ? ને ભૂંડામાં ભૂંડું તે શું છે ? ત્યારે કોઈ બોલ્યા નહીં. ત્યારે સ્વામી બોલ્યા જે, સારામાં સારું તો આ ભગવાન ને આ સાધુનો (સત્પુરુષનો) સંબંધ થયો છે, તેથી કાંઈ સારું નથી... ને ભૂંડામાં ભૂંડું શું છે ? જે આ ભગવાન ને સાધુને (સત્પુરુષને) વિષે મનુષ્યભાવ આવે છે, તેથી બીજું કાંઈ ભૂંડું નથી... લોક, ભોગ, દેહ ને ચોથો પક્ષપાત તેણે કરીને મનુષ્યભાવ આવે છે. તેમાં જેવું પક્ષપાતે કરીને જીવનું ભૂંડું થાય છે તેવું તો પંચવિષયે કરીને પણ નથી થાતું... ને એવા અવળા પક્ષે કરીને મોટા સાધુના અવગુણ લીધા છે. તેણે કરીને તો ભૂતની યોનિને પામ્યા છે અને વળી કોઈ અવગુણ લેશે તે પણ પામશે.''**

આ વાત દ્વારા સ્વામી સમજાવે છે કે લોક, ભોગ, દેહ અને પક્ષપાતે કરીને કદી મોટાપુરુષને વિષે મનુષ્યભાવ આવવા દેવો નહીં. જો અજાણતા પણ આ પાપ થઈ જાય તો ભૂતયોનિને પામે તેવું દુઃખ આવી પડે. માટે મોટાપુરુષને વિષે મનુષ્યભાવ ન જ પરઠવો. જીવનમાં સમજાય તેટલો દિવ્યભાવ સમજવો પણ મનુષ્યભાવ ન આવી જાય તેનો ખટકો રાખવો.

## દેશ-વિદેશ ખાતે ઘનશ્યામ મહાપ્રભુના દિવ્ય અભિષેકની વિગત



**''કોઈને દેહનું દુઃખ હશે, ભૂત-પ્રેતાદિકનું નડતર હશે, આર્થિક મુશ્કેલીઓ હશે, ગમે તેવી મૂંઝવણો હશે કે સાંસારિક પ્રશ્નો હશે પણ આ મંદિરમાં આવી ભગવાનનાં દર્શન કરશે, એમનો આશરો કરશે, નિર્વ્યસની થઈ કંઠી બાંધશે અને બાધા-માનતા રાખશે તેનાં સર્વે દુઃખ થકી ભગવાન તેની રક્ષા કરશે, કરશે ને કરશે જ...**

**- ગુરુદેવ પ.પૂ. બાપજી**

**સમય : સવારે ૯થી ૧૨, સાંજે ૪થી ૬**

**ધૂનનો સમય : દર મંગળવાર તથા શુક્રવારે સાંજે ૫થી ૭**

**SMVS તીર્થધામ શ્રી સ્વામિનારાયણ મંદિર, ગોધર**

**લુણાવાડા-સંતરામપુર હાઇવે, તા. સંતરામપુર, જિ. મહીસાગર**


**ફોન : ૯૯૨૫૨૩૭૦૧૮/૩૩**

## વિદેશ માટે અભિષેકની વિગત

**SMVS શ્રી સ્વામિનારાયણ મંદિર, જર્સીસિટી (USA)**
સોમવારથી શનિવાર
સવારે ૧૧:૧૫થી ૧૧:૪૫
દર રવિવારે
સાંજે ૦૭:૩૦થી ૦૮:૦૦
:: સંપર્ક ::
બાલેન્દ્રભાઈ : ૮૯૨ - ૨૧૫ - ૨૨૫૫
વિનુભાઈ : ૨૦૧ - ૨૩૯ - ૬૪૪૬

**SMVS શ્રી સ્વામિનારાયણ મંદિર, ટોરેન્ટો (કેનેડા)**
દરરોજ
સવારે ૦૯:૩૦થી ૧૧:૧૫
દરરોજ
સાંજે ૦૪:૩૦થી ૦૫:૪૫
:: સંપર્ક ::
બળવંતભાઈ : ૪૧૬ - ૭૪૧ - ૭૯૮૭
૪૧૬ - ૮૪૬ - ૪૩૪૦

**SMVS શ્રી સ્વામિનારાયણ મંદિર, લંડન**
સોમવારથી શુક્રવાર
સવારે ૦૯:૦૦થી ૧૧:૦૦
દરરોજ સાંજે ૦૫:૦૦થી ૦૭:૦૦
શનિવારથી રવિવાર સવારે ૦૯:૦૦થી ૧૨:૦૦
દરરોજ સાંજે ૦૫:૦૦થી ૦૯:૦૦
:: સંપર્ક ::
કેયુરભાઈ પટેલ - ૦૭૭૩૩૭૭૭૯૯૬



# વચનામૃત સાર

## લોયા - ૧૩ (ભાગ-૧)

**વચનામૃત : પછી શ્રીજીમહારાજે કહ્યું જે, મોટેરા મોટેરા પરમહંસ પરસ્પર પ્રશ્ન–ઉત્તર કરો. ત્યારે ગોપાળાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, કેવો પુરુષ હોય તેને દેશ, કાળ, ક્રિયા, સંગાદિકે કરીને પરાભવ ન થાય ? ને કેવો હોય તેને થાય ?**

**વિશ્લેષણ :** સૌપ્રથમ ગોપાળાનંદ સ્વામીના પ્રશ્નને સમજીએ. સ્વામી કહે છે કે જીવ માયાબદ્ધ છે. માટે દેશકાળાદિકની અસર તેના ઉપર થાય જ. શ્રીજીમહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના ૭૮મા વચનામૃતમાં આની પર ઘણો ભાર મૂક્યો છે. દેશકાળાદિકને અંતઃકરણની પવિત્રતા અને અપવિત્રતાનાં કારણ બતાવ્યાં છે. “દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, દેવતા, શાસ્ત્ર, ઉપદેશ એ આઠ સારાં હોય તો પુરુષની બુદ્ધિ નિર્મળ થાય છે ને એ આઠ ભૂંડાં હોય તો પુરુષની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે.” વળી, આ વચનામૃતના આ જ પ્રશ્નમાં કહ્યું છે કે, “જે પોતાના કલ્યાણને ઇચ્છે તેને તો નાસ્તિકની પેઠે કર્મનું બળ રાખવું નહિ અને ભૂંડાં દેશકાળાદિક આઠ હોય તેનો ત્યાગ કરીને, રૂડા જે દેશકાળાદિક આઠ તેનું સેવન કરવું.” તેમજ આ જ વચનામૃતમાં આગળ ૨૨મા પ્રશ્નમાં ત્રિગુણાતીતાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, “દેશ, કાળ, ક્રિયા, સંગ એનું વિષમપણું હોય ત્યારે ત્યાં શો ઉપાય કરવો ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, દેશાદિક વિષમ હોય ત્યાં તો ઊગર્યાનો એ જ ઉપાય છે જે ત્યાંથી જે તે પ્રકારે કરીને ભાગી છૂટવું.”

વચનામૃતના આ સંદર્ભો પરથી સ્પષ્ટ થાય છે કે મહારાજે

નિમગ્ન થવું એટલે અકર્તા બનવું.

રૂડા દેશકાળાદિક સેવવાનું કેટલું મહત્ત્વ બતાવ્યું છે ! હવે અહીં સદ્. ગોપાળાનંદ સ્વામી પ્રશ્ન પૂછે છે કે કેવો પુરુષ હોય તેને દેશ, કાળ, ક્રિયા, સંગાદિકે કરીને પરાભવ ન થાય ? કહેતાં તેમાં લેવાઈ ન જાય. કેમ કે શાસ્ત્રોમાં કહ્યું છે કે પૂર્વે મોટા મોટા ત્રિલોકીમાં આવનારાને પણ સ્ત્રીઆદિકમાં મોહ થયો છે ને સમયે નાપાસ થઈ ગયા છે. તો આવા સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનનો આશરો કર્યા પછી દેશકાળાદિકમાં ન લેવાઈ જવાય તેનો ઉપાય શું ? એમ સ્વામી પૂછવા માગે છે. હવે શ્રીજીમહારાજ આ પ્રશ્નનો જવાબ આપે છે.

**વચનામૃત : ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એનો તો ઉત્તર એ છે જે નાડીપ્રાણ સંકેલાઈને નિર્વિકલ્પ સ્થિતિએ કરીને શ્રીનારાયણનાં ચરણારવિંદમાં રહ્યો હોય તો તુચ્છ જેવો જીવ હોય તેને પણ દેશ, કાળ, સંગાદિકે કરીને પરાભવ ન થાય ને એવી રીતે બ્રહ્માદિક રહ્યા હોય તો તેને પણ પરાભવ ન થાય, અને એવી રીતે સ્થિતિ ન થઈ હોય ને દેહમાં વર્તતા હોય તો બીજા જીવને પરાભવ થાય ને એવા મોટા જે બ્રહ્માદિક તેને પણ થાય અને એમ ન હોય તો :**

**તત્સૃષ્ટસૃષ્ટસૃષ્ટેષુ કોન્વખંડિતધીઃ પુમાન્ ।**
**ઋષિં નારાયણમૃતે યોષિન્મય્યેહ માયયા ॥**

**એ શ્લોકનો અર્થ ઠીક બેસે નહિ, માટે એને વિષે રહ્યા થકા તો એક નારાયણ ઋષિને પરાભવ ન થાય ને બીજો તો ગમે એવો મોટો હોય ને તે જો નારાયણનાં ચરણારવિંદને વિષે નિમગ્ન ન રહે તો તેને પરાભવ થાય અને જો નિમગ્ન રહે તો ન થાય, એવી રીતે અમે અમારા અંતરમાં અચળ સિદ્ધાંત કરી રાખ્યો છે...**

**તથા ભગવાને કહ્યું છે જે :**

**દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા ।**
**મામેવ યે પ્રપદ્યંતે માયામેતાં તરન્તિ તે ॥**

**એવી રીતે માયાએ કરીને નિર્લેપપણું તે એક નારાયણને જ છે અથવા તે નારાયણને નિર્વિકલ્પપણે પામ્યો હોય તેને પણ પરાભવ ન થાય.**

**વિશ્લેષણ :** શ્રીજીમહારાજ અહીં એકની એક વાત ઘૂંટી ઘૂંટીને આપણને કહી રહ્યા છે. આવો તેને વિગતે ટુકડે ટુકડે સમજીએ.

સૌપ્રથમ મહારાજે કહ્યું કે, 'નાડીપ્રાણ સંકેલાઈને નિર્વિકલ્પ સ્થિતિએ કરીને શ્રીનારાયણના ચરણારવિંદમાં રહ્યો હોય તો તુચ્છ જેવો જીવ હોય તેને પણ પરાભવ ન થાય.'

અહીં મહારાજે નિશાન વગરનો ભડાકો કર્યો. કયા નારાયણની વાત છે ? એ સ્પષ્ટ ન કર્યું. પરંતુ અનંતકોટિ બ્રહ્માંડમાં સર્વોપરી અને સનાતન નારાયણ સ્વામિનારાયણ ભગવાન છે. તેમના ચરણોમાં નિર્વિકલ્પપણે રહ્યો હોય અર્થાત્ શ્રીજીમહારાજનો યથાર્થ મહિમા જાણીને દેહથી પૃથક્ થઈ મૂર્તિમાં રહ્યો હોય તેને દેશકાળાદિકે કરીને પરાભવ ન થાય એમ કહ્યું છે. તો પછી એને તુચ્છ જીવ કેમ કીધો ? તો પહેલાં સાધનકાળમાં માયાબદ્ધ હતો માટે આલોકની અપેક્ષાએ તુચ્છ કહ્યો છે બાકી મૂર્તિમાં રહે તેને મુક્ત કહેવાય.

આ જ પ્રશ્નના જવાબના અંતમાં મહારાજે બે શબ્દ કહ્યા. એક, સવિકલ્પપણે મહારાજને પામ્યો હોય તેને પરાભવ થાય ને નિર્વિકલ્પપણે મહારાજને પામ્યો હોય તેનો પરાભવ ન થાય. તો સવિકલ્પપણે મહારાજને પામવા એટલે શું ? અને નિર્વિકલ્પપણે મહારાજને પામવા એટલે શું ? સવિકલ્પપણે એટલે દેહભાવ સોતી પ્રાપ્તિ. સર્વોપરી ઉપાસના અને પંચવર્તમાન પાળે એટલે તેને વ્યતિરેકનો સંબંધ થાય, મહારાજની પ્રાપ્તિ થઈ કહેવાય. એથી આગળ એકાંતિક ભક્ત છે. તેમણે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ ચારેય સાધન સિદ્ધ કર્યાં છે અને બ્રહ્મ રૂપે વર્તે છે. છતાં હજુ સંપૂર્ણતઃ દેહભાવ ટળ્યો નથી. સાધનદશામાં જ છે માટે એમને પણ દેશકાળાદિક પરાભવ કરી દે તેવી શક્યતા છે. ટૂંકમાં, જ્યાં સુધી દેહભાવ છે ત્યાં સુધી ગમે તેવો મોટો હોય તોપણ દેશકાળાદિકથી પરાભવ થવાની શક્યતા પૂરી છે.

હવે નિર્વિકલ્પપણે મહારાજને પામવા એટલે શું ? તો અનાદિમુક્ત સત્પુરુષના જોગ, સમાગમ અને કૃપાએ કરીને મુમુક્ષુ જ્યારે અનાદિકાળના દેહભાવના પડળોને જ્ઞાન ને ધ્યાને કરીને તોડીને અનાદિમુક્તની સ્થિતિને પામે છે તેને નિર્વિકલ્પપણે મહારાજને પામ્યો કહેવાય. આવા મુક્તો અખંડ મૂર્તિમાં નિમગ્ન રહ્યા છે. જેને કીર્તનની પંક્તિમાં કહ્યું છે,

મૂર્તિમાં મુક્તો નિમગ્ન થયા છે,
તે સંગ રહેવાની પાડો ટેવલડી.

આ પ્રશ્ન દ્વારા મહારાજ આપણને પ્રેરણા આપવા માગે છે કે નિષ્ઠા અને નિયમની દૃઢતા કર્યા પછી પણ મૂર્તિમાં નિમગ્ન રહેવાની પ્રૅક્ટિસ કરવી ફરજિયાત છે. તો જ દેશકાળાદિકથી બચેલા રહેવાય. આ માટે જ વ્હાલા ગુરુજી કાયમ માટે આપણને કોઈ પણ ક્રિયાનો પ્રારંભ કરતા પહેલાં નિમગ્ન થવાની રીત શીખવે છે. તો આજથી સર્વે ક્રિયા કરતા પહેલાં નિમગ્ન થવાનો દૃઢ સંકલ્પ કરીએ.



જેવો સંગ તેવો રંગ.



# અમૃત કે ઝેર

"હે બટુક બ્રહ્મચારીજી ! આપ કોણ છો ? આપનું શુભ નામ શું છે ? આપ ક્યાંથી પધાર્યા છો ? આપનાં માતાપિતા કોણ છે ? આ કુમળી વયે શાથી વૈરાગ્ય ગ્રહણ કર્યો ? આપના ગુરુ કોણ છે ?"

લોજપુરની વાવ પર પાણી ભરવા આવેલા એક સાધુરામે નીલકંઠ વર્ણીને ઉત્કંઠાથી પૂછ્યું.

વર્ણી મંદ હાસ્ય રેલાવતાં બોલ્યા, "ત્યાગીને વળી નાત શું ? જાત શું ? દેશ કેવો ને સગાંસંબંધી કેવાં ? જે ભવસાગર પાર ઉતારે તે જ સાચાં માતાપિતા અને તે જ ગુરુ. અમે આવા ગુરુની શોધમાં છીએ."

વર્ણીની વૈરાગ્યદીપ્ત વાણી સાંભળી સાધુરામને આનંદ થયો. વર્ણીએ પણ સાધુરામને પૂછ્યું, "સાધુરામ ! આપનું નામ શું છે ? તથા આપ કોના શિષ્ય છો ? કયા સંપ્રદાયના અનુયાયી છો તે કહેશો ?"

સાધુરામ ખૂબ વિનમ્રભાવે બોલ્યા, "મારું નામ સુખાનંદ સ્વામી. ગુરુ રામાનંદ સ્વામીનો હું શિષ્ય છું. અહીં લોજમાં તેમનો વિશાળ આશ્રમ છે. જ્યાં અમે પચાસ સંતો એકસાથે રહીએ છીએ."

વર્ણીએ ઉત્કંઠાથી પૂછ્યું, "ગુરુ રામાનંદ સ્વામી હાલ અહીં છે ?"

સુખાનંદ સ્વામીએ કહ્યું, "ના, હાલ ગુરુ રામાનંદ સ્વામી કચ્છ દેશમાં છે. પરંતુ તેમના મુખ્ય શિષ્ય એવા મુક્તાનંદ સ્વામી અહીં છે. તેઓ બહુ જ સાધુતાવાળા, ભગવદીય, સમર્થ અને ગુણિયલ સંત છે. અમે બધા સંતો તેઓની આજ્ઞામાં રહી ભગવાનનું ભજન કરીએ છીએ. આપ અમારા આશ્રમમાં પધારો. મુક્તાનંદ સ્વામી પણ અત્યંત રાજી થશે."

વર્ણીને પણ સુખાનંદ સ્વામીની આ મહિમાસભર વાણી

**મીઠા શબ્દોથી જે અસર થાય છે તે માઠા શબ્દોથી થતી નથી.**

ખૂબ ગમી. વર્ણીએ જાણ્યું કે, 'જ્યાં ગુરુભાઈનો નખશિખ મહિમા છલકાય છે ત્યાં ગુરુનો મહિમા કેવો હશે ? આવા સાધુતાવાળા, ઈર્ષ્યારહિત, નિર્મળ સંતો ભારતભરમાં મેં અહીં જ નિહાળ્યા.' અને ત્યાં જ વર્ણીએ રોકાઈ જવા નિર્ધાર કર્યો.

ઘર-પરિવાર કે સત્સંગમાં શું આપણે આપણા સમોવડિયા કે આપણાથી મોટાના ગુણોનું મુક્તકંઠે ગાન કરી શકીએ છીએ ? આપણે પણ અરસપરસ પરિવારના સૌ સભ્યોના ગુણોનું મુક્તકંઠે ગાન કરવું જોઈએ.

જેનો મહિમા હોય તેના માટે તો મહિમાસભર વચનો ઉચ્ચારાય પરંતુ જેના પ્રત્યે કાંઈ પૂર્વાગ્રહના ડાઘ પડ્યા હોય, અણબનાવ હોય, દ્વેષભાવ હોય તેમના માટે મહિમાયુક્ત વચન ઉચ્ચારવાં તે ઘણું અઘરું છે. ઘણી વાર લોહીના સંબંધોમાં પણ પૂર્વાગ્રહના ડાઘ, ઈર્ષ્યાની અગનઝાળ એકબીજા માટે મહિમાનાં વચનો ઉચ્ચારવા દેતાં નથી; બલ્કે એકબીજા માટે ઝેર પ્રસરાવવાનું કાર્ય થાય છે જેથી સંબંધો વણસે છે, ઘર તૂટે છે.

અમેરિકા ખાતે એક યુવકે ગુરુજીને વાત કરેલી કે ગઈ કાલે અમને બધાને સમાચાર મળ્યા કે મારા કાકાની દીકરીના સંબંધ થયા છે. તો મારા પપ્પાએ વેવાઈ પક્ષનો નંબર મેળવી તેમને સવારે ફોન કરી કહ્યું, "જોજો હોં, વિચારીને સંબંધ કરજો." આટલા ઝેર સમાન વાક્યે મારા કાકાની દીકરીના સંબંધ તોડાવી નાખ્યા.

એક પિતાને ત્રણ દીકરા. તેઓ દરેક દીકરાના ઘરે પંદર પંદર દિવસ રહેતા. પરંતુ જેના ઘરે જાય ત્યાં ગાયનું ભેંસ તળે ને ભેંસનું ગાય તળે કરે. એકના અવગુણની વાત બીજા દીકરા આગળ અને બીજા દીકરાના અવગુણની વાત ત્રીજા દીકરા આગળ કરે. પરિણામે પરસ્પર ઝેર રેડાયું અને ઝઘડા શરૂ થયા. બોલવાના પણ સંબંધ ન રહ્યા. બાપની અવગુણભરી વાણીએ દીકરાઓના સંબંધો તોડ્યા.

આમ, ઘર-પરિવાર કે સત્સંગમાં કોઈના મહિમાની વાત કરી અમૃત ન પાઈ શકીએ તો કાંઈ નહિ પરંતુ પરસ્પર અવગુણયુક્ત વાણીનું શેરિંગ કરી ઝેર તો ન જ રેડીએ.

કોઈકે સાચે જ કહ્યું છે,

આપણા તો જીવતરની નાનેરી અંજલિમાં,
અમરતને થાનકે, હળાહળ ના ઘોળિયે.

**● જરા ચેતીએ... થતી ભૂલ સુધારીએ.**

**A. ઘણી વાર કોઈ સ્થિતિ-પરિસ્થિતિ જાણ્યા વિના કેવળ ધારણા બાંધી અવગુણયુક્ત વાણી ઉચ્ચારાઈ જતી હોય છે.**

એક વખત સ્વામિનારાયણ ધામ ખાતે પ્રાતઃ સભામાં ગુરુદેવ પ.પૂ. બાપજી પધારેલા. એક મુમુક્ષુ હરિભક્ત સભામાં ન દેખાયા એટલે ગુરુદેવે પૂછ્યું, "પેલા ભગત કેમ દેખાતા નથી ?" એટલે કોઈ રમૂજમાં બોલ્યું, "સૂતા હશે." તરત ગુરુદેવ બોલ્યા, "ના... ના... ભગત ધ્યાન કરતા હશે. એમને ધ્યાનનું અંગ બહુ સારું છે." આહાહા... ગુરુદેવની આ વાણી સાંભળી કેટલાને તે ભગત માટે આદરભાવ પ્રગટ્યો હશે !!

આપણે પણ સત્ય હકીકત જાણ્યા વિના કોઈને દોષારોપણ ન કરવું.

**B. ઘણી વાર કોઈ અવગુણિયા સ્વભાવવાળાના સંગે, વિમુખના સંગે કરી અવગુણયુક્ત વાણી ઉચ્ચારાઈ જતી હોય છે.**

લોયાના છઠ્ઠા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે, "અને અમે તથા સંત તે જેને કચવાણા હોઈએ ને વઢીને તિરસ્કાર કરીને બહાર કાઢી મૂક્યો હોય ને તે શોકે કરીને રોતો હોય ને તે પાસે કોઈક એકડમલ વિમુખ જેવો આવીને સંતનો અથવા અમારો અવગુણ કહેવા લાગે, ત્યારે તેની આગળ તે સંતની કોરનું ને ભગવાનની કોરનું બહુ હેત જણાવે ને એમ કહે જે હું તો એનો વેચાણ છું અને મારા કટકા કરી નાખે તોપણ મારે એમનો અવગુણ ન આવે; એ તો મારા કલ્યાણના કરતલ છે, એવી રીતે તે ઠેકાણે અતિશે હેત જણાવવું."

આપણે પણ ભગવાન અને સત્પુરુષના અમહિમાની વાત કરનારના ભેગા ભળી અમહિમાની વાતનું પ્રસારણ ન કરતાં તેમને મહિમાસભર વાણીએ જડબાતોડ જવાબ આપી મહિમાસભર રહેવું. મુખે કરી હંમેશાં ભગવાન અને સંતના મહિમાની જ વાત કરવી. સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ પ્રકરણ-૧ની પહેલી વાતમાં પણ આ જ ભલામણ કરી છે કે, "ભગવાન ને સાધુના મહિમાની વાતું નિરંતર કરવી."



મહિમાસભર વાણી વેરના ભયંકર ઘાને પણ રુઝાવી દે છે.

**C. ઘણી વખત અભાવ-અવગુણયુક્ત વાણી ઉચ્ચારવાની કુટેવ-આદત પડી ગઈ હોય. વેણે વેણે અન્યના અવગુણની વાત હોઠે આવી જતી હોય. 'આ તો આળસુ છે', 'આ તો કાયમ મોડા જ હોય', 'આ તો ક્રોધી છે', 'આ તો કાયમ મને હેરાન જ કરે છે'.** આવી વાતો કરનાર પાત્ર ક્યારેય પોતાના પરિવારમાં સંપનું સર્જન નહિ કરી શકે.

ઉપરોક્ત કોઈ પણ એક કારણને લઈ આપણે અભાવ-અવગુણયુક્ત વાણી બોલવા પ્રેરાઈ જતા હોઈએ તો સત્વરે પાછા વળીએ અને મહિમાસભર વાણી બોલવાનો પ્રારંભ કરીએ.

**● મહિમાસભર વાણી કેળવવા આ બે મુદ્દાને ધ્યાનમાં રાખીએ.**

**A. સંબંધને જોવો**

કારણ સત્સંગમાં આવેલા પરિવારના સભ્યો કે સત્સંગી બંધુને મોટાપુરુષે અનાદિમુક્તના કોલ આપી મહારાજથી બીજા નંબરની અનાદિમુક્તની પદવી આપી દીધી છે. જેમ રાજાના દીકરાને 'તું'કારે ન બોલાવાય, તેના માટે હીણું વેણ ન બોલાય તેમ સર્વોપરી મહારાજના દીકરા એવા અનાદિમુક્તોને 'તું'કારે ન બોલાવાય કે તેમના માટે અવગુણની ચર્ચા ન કરાય.

એક વખત વાસણા બે બાળમુક્તો ગુરુદેવનાં દર્શન કરવા આવેલા. ગુરુદેવનાં દર્શન થતાં એક બાળમુક્તે બીજા બાળમુક્તને ઈશારો કરી કહ્યું, "એય, બાપા પધાર્યા. દંડવત કર." ગુરુદેવ આ સાંભળી ગયા. એટલે તરત કહ્યું, "મુક્તરાજ, એ મહારાજના મુક્ત છે. એમને 'તું'કારે ન બોલાવાય. દંડવત કરો એમ કહેવાય."

તા. ૧૯-૧-૨૦૨૦ને રવિવારના રોજ સંત શિબિરના બીજા દિવસે પ્રાતઃ સેશનમાં વ્હાલા ગુરુજીએ કથાવાર્તાનો પ્રારંભ કર્યો. દરરોજની જેમ પૂ. સંતોના ગુણાનુવાદ થતાં એક સંતે પોતાની સાથે રહેલા પૂ. સંતના ગુણાનુવાદ કરવાની શરૂઆત કરી. તે વખતે તેઓ સંતનું નામ બોલ્યા. તે સમયે તરત જ ગુરુજીએ ટકોર કરી, "કોઈ પણ સંતનું નામ બોલતી વખતે પહેલાં પૂજ્ય શબ્દ અવશ્ય બોલવો જોઈએ."

આપણે પણ સૌને મહારાજ, દયાળુ, આપ, તમે એવા દિવ્યભાવસભર, મહિમાસભર, વિવેકસભર ઉદ્‌બોધન કરીએ. સૌમાં મહારાજનાં, પરભાવનાં દર્શન થશે તો આપમેળે તેમની સાથે મહિમાસભર વાણી દ્વારા વ્યવહાર થશે.

**B. સ્વ-સ્ટેટસને જોવું**

મહાન વ્યક્તિ પોતાના સ્ટેટસ પ્રમાણે વિનમ્ર-વિવેકી ભાષામાં સૌ સાથે વર્તાવ કરે તેમ આપણને મહારાજે અનાદિમુક્તની પદવી આપી પછી આપણાં વાણી-વ્યવહાર આપણા પદને શોભે તેવાં મહિમાસભર હોવાં જોઈએ.

ગુરુદેવ પોતાની સેવામાં રહેલ અર્પણભાઈને કાયમ 'અર્પણભાઈ' કહીને બોલાવતા. એક દિવસ અર્પણભાઈએ કહ્યું, "બાપજી, મને માત્ર અર્પણ કહો. હું તો આપનો દીકરો છું." ગુરુદેવ બોલ્યા, "ના... ના... તમે મહારાજના મુક્ત છો. તમને 'તું'કારે ન બોલાવાય. અમને શોભે નહીં."

વ્હાલા ગુરુજી બાળમુક્તોને 'મુક્તરાજ આવો...' કહી બોલાવે. પોતે કેવા સમર્થ છતાં બાળમુક્તને કેવું મહિમાભર્યું ઉદ્‌બોધન !! ગુરુજી કાયમ કહે કે, 'જેટલું સ્થાન ઊંચું એટલી વાણી-વ્યવહારમાં ઊંચાઈ હોવી જોઈએ.' જેનાં સ્વજીવન દ્વારા દર્શન કરાવે છે.

**આપણી વાણી મહિમાસભર છે કે નહિ તે તપાસવા સ્વને આટલા પ્રશ્ન પૂછી સ્વતપાસ કરીએ.**

૧. શું હું સૌને મહારાજ, દયાળુ એવા શબ્દપ્રયોગથી બોલાવી શકું છું?


૨. શું હું સૌને આપ, તમે, આપને, તમોને એવા માનવાચક શબ્દથી બોલાવી શકું છું?

૩. શું કોઈ મારી પાસે અભાવ-અવગુણની વાત કરવા આવે ત્યારે મહિમાસભર વાણી બોલી તેમને અટકાવી શકું છું?

૪. શું કોઈના દોષ-સ્વભાવ દેખાય છતાં મહિમાસભર વાણી દ્વારા તેમની સાથે વ્યવહાર કરી શકું છું?

૫. શું મારા પરિવારના સભ્યોના ગુણની, મહિમાની વાત અન્ય આગળ મુક્તકંઠે કરી શકું છું?

અવગુણના શબ્દો અંતરમાં વેરનું બીજ રોપે છે.



# કથાવાર્તાના આગ્રહી

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ, શ્રીજીસંકલ્પમૂર્તિ જીવનપ્રાણ અબજીબાપાશ્રી તેમજ દિવ્ય કારણ સત્સંગની અમીરપેઢીના સદ્‌ગુરુશ્રીઓએ કથાવાર્તા દ્વારા મુમુક્ષુ જીવોને ખૂબ સુખિયા કર્યા. વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના કથાવાર્તાના આગ્રહને તો આપણે નરી આંખે દીઠેલ છે. કારણ કે કથાવાર્તાથી જ જીવાત્મા બળિયો થાય, કથાવાર્તાથી જ જગતની કોરેથી પાછા વળાય, કથાવાર્તાથી જ રાજીપાની રીત શીખી શકાય.

ગુરુદેવ પ.પૂ. બાપજીએ એક એકને બેસાડી બેસાડી સૌના જીવમાં એક મહારાજ પધરાવી દીધા. જેના આપણે સૌ કોઈ સાક્ષી છીએ. આજે આ કારણ સત્સંગની લીલીવાડી લહેરાઈ રહી છે ને ખૂબ ફૂલીફાલી છે તેનું કારણ મોટાપુરુષના અથાગ દાખડા. આપણે ખૂબ કૃપાવંત છીએ કે આ સમયે આપણને આ જોગમાં લાવીને બેસાડી દીધા. તેના કેફમાં રહેવું, મસ્તીમાં રહેવું. પરંતુ આ લીલીવાડી માટે આ બંને દિવ્યપુરુષોએ લોહીનાં પાણી કરી દીધાં છે. ગમે તેવી વિકટ પરિસ્થિતિ હોય, તબિયત નાદુરસ્ત હોય પણ બંને દિવ્યપુરુષોના જીવનમાં કથાવાર્તાનો આગ્રહ સહેજે જણાઈ આવે. આવો, વ્હાલા ગુરુજીનો કથાવાર્તાના અતિ આગ્રહનો એક પ્રસંગ નિહાળી વિશેષ મહાત્મ્યસભર બનીએ.

તાજેતરમાં જ વ્હાલા ગુરુજી દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે લંડન વિચરણ અર્થે પધાર્યા હતા. તા. ૨૪-૭-૨૦૨૫ ને ગુરુવારના રોજ રાત્રે ૮ વાગ્યે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની સ્વાગત સભાનું આયોજન લંડન મંદિરે હૉલમાં કરવામાં આવ્યું હતું. વ્હાલા ગુરુજીએ સભામાં સૌ હરિભક્તો પર ખૂબ રાજીપો જણાવ્યો. ભારતથી તથા વિદેશના અન્ય સેન્ટરોમાંથી લાભ લેવા આવેલા સૌ હરિભક્તો પર વ્યક્તિગત તથા જે તે સેન્ટરના હરિભક્તોને સામૂહિક રાજીપો આપ્યા બાદ કીર્તનના માધ્યમથી



કથાવાર્તાથી જ જીવ શૂનકાર મટી ભર્યો થાય.

અદ્‌ભુત લાભ આપી સૌને સુખિયા કર્યા હતા. તે વખતે વ્હાલા ગુરુજીએ સૌ સંતો-હરિભક્તો સમક્ષ જણાવ્યું કે, "સંતો, તમારી રજા વગર એક જાહેરાત કરું છું કે તા. ૨૫, ૨૬, ૨૭ એમ ત્રણ દિવસ બધા ઘર ઘરના હરિભક્તો દેશ-વિદેશથી આવ્યા છે. તેમને કોઈ વિશેષ સેવા નહિ હોય અને સેવા હશે તો એ પણ લંડનના હરિભક્તોને હશે. તો આવા સેવા સિવાયના હરિભક્તો રાત્રે પારાયણ પછી શું કરશે ? અને અમારે પણ બીજી કંઈ સેવા નથી તો અમે પણ શું કરીશું ? તો ત્રણેય દિવસ રોજ રાત્રે વચનામૃત પારાયણ પૂરી થાય પછી ઠાકોરજી જમાડી, ચેષ્ટા કરી ફરીથી મંદિરમાં અંગત સભા જેવું કરીએ એવી લાલચ રહે છે, તો સૌ વધારે બળિયા થાય. આ અમારી પ્રાર્થના, વિનંતી, સૂચન છે. હરિભક્તો, આમાં તમે બધા રાજી ને ?" અવરભાવમાં પોતે સંસ્થાના ગુરુપદે આરૂઢ છે. તેમને આજ્ઞા જ કરવાની હોય. પણ છતાં મોટા મુક્તોની રીત કેવી ! કેવાં દાસત્વપણાનાં દર્શન કરાવે ! વળી, ગુરુજીએ આનંદ કરાવતાં કહ્યું, "હવે સંતો જે નિર્ણય આપશે તેમ આગળ વધીશું. આપણે તો ચિઠ્ઠીના ચાકર છીએ. આ અંગેનો નિર્ણય આપ આવતી કાલ સુધીમાં જાહેર કરજો." એમ સંતોને વાત કરી. સ્વાગત સભા અન્ય પ્રોગ્રામો સાથે પૂર્ણ થઈ. બીજા દિવસે સવારે ગુરુજીની પ્રાતઃ સભા હતી. પ્રાતઃ સભા દરમ્યાન ગઈ કાલે થયેલી વાત પૂ. સંતોને ફરીથી યાદ કરાવી જણાવ્યું, "સંતો દયાળુ હોય. આપણી પ્રાર્થના સાંભળે. જેટલી વખત વધુ યાદ કરાવીએ તેટલું વહેલું મંજૂર થાય. રાત્રે સભાનું સેટિંગ થાય." પરંતુ ગુરુજીને ભીડો વધુ આવે, સતત બોલવાનું થાય, એક સભા બાદ તુરત જ બીજી સભા ગોઠવાય અને ગુરુજીને તકલીફ પડે માટે સંતોને સભા ગોઠવવાનો વિચાર નહોતો. પણ પછી પૂ. સંતોએ ગુરુજીનો કથાવાર્તાનો આગ્રહ જોઈને રાત્રિ સભાની જાહેરાત કરી. જેવો મહારાજ કથાવાર્તા માટે આગ્રહ જણાવતા તેવા જ આગ્રહનાં દર્શન વ્હાલા ગુરુજીના જીવનમાં પણ થાય અને કેમ ન થાય ? મહારાજ જ જેઓની ક્રિયાના સંપૂર્ણ કર્તા હોય તો રીત પણ એવી જ દેખાડે ને !

પ્રથમ દિવસે એટલે કે તા. ૨૫ના રોજ સાંજે વચનામૃત પારાયણમાં અઢી કલાક લાભ આપ્યો. સભા રાત્રે ૮:૩૦ વાગ્યે પૂરી થઈ. સૌ કોઈએ ઠાકોરજી જમાડ્યા, ફરીથી સંતો તથા મુમુક્ષુ હરિભક્તો લાભ લેવા માટે મંદિર સભા હૉલમાં પહોંચ્યા. પ્રથમ ૨૫ મિનિટ ચેષ્ટાનો લાભ આપ્યા બાદ ગુરુજી રાત્રિના સવા અગિયાર વાગ્યા સુધી કથાવાર્તાનો લાભ આપ્યા બાદ ઉતારે પધાર્યા. બીજા દિવસે ફરીથી પારાયણમાં અઢી કલાક લાભ આપ્યા બાદ સુવર્ણ તુલા વિધિના પ્રોગ્રામ દરમ્યાન સૌ મુક્તોને દર્શન-આશીર્વાદ તથા સ્મૃતિ ભેટ અર્પણ કરીને રાજીપો આપ્યો. આમ, રાતનું પારાયણ સેશન પૂર્ણ થતાં જ ૯:૩૦ થઈ ગયા. ૯:૪૫ વાગ્યે ગુરુજી મંદિરે પધાર્યા. ઠાકોરજી જમાડ્યા. ચેષ્ટા પૂર્ણ થતાં રાત્રે ૧૦:૪૫ થઈ ગયા. તોપણ વ્હાલા ગુરુજીએ પુછાવ્યું કે, "હરિભક્તો સભામાં કેમ આવ્યા નહીં ?" સંતોએ જણાવ્યું, "હરિભક્તો ખૂબ થાક્યા હશે અને અત્યારે રાત્રે મોડું થઈ ગયું છે માટે હરિભક્તો આવી શક્યા નથી. માટે આપ પણ શયન માટે પધારો. આપે પારાયણમાં ખૂબ લાભ આપ્યો છે. વળી, આજે બપોરે નગરયાત્રા હોવાથી આપને પણ બિલકુલ આરામ મળ્યો નથી. આપને પણ ઘણો થાક લાગ્યો હશે. માટે રહેવા દઈએ." તેમ છતાંય કેટલાક હરિભક્તો હાજર હતા તેમની સભા કર્યા બાદ જ ગુરુજી ઉતારા પર શયન માટે પધાર્યા.

આહાહાહા... કેટલું ગરજુપણું ! મોટાપુરુષ કેવા ગરજુ બન્યા છે ! એમની ગરજના ૧૦% પણ આપણે ગરજ બતાવીશું તો મોટા ન્યાલ કરી દેશે. એમને એક જ સ્વાર્થ છે – હૈડે હૈડે હરિ પધરાવવા છે. આપણે એક ડગલું મહારાજ અને મોટાપુરુષ તરફ ભરીશું તો તેઓ આપણી બાજુ હજાર ડગલાં આગળ આવશે. અત્યાર સુધીના ઇતિહાસમાં આવી ગરજ બતાવનારા પુરુષ ક્યારેય નથી પધાર્યા. ઓળખી લેવા, સેવી લેવા; નહિ તો પસ્તાવા સિવાય કાંઈ હાથ ન લાગે. કોણ આવી વાતો કરશે ? કોણ આપણને સુખિયા કરશે ? તેનો વિચાર કરવો.

ત્રીજા દિવસે પણ બપોરથી રાત સુધી નિકટ દર્શન આપવામાં ઘણું મોડું થઈ ગયેલું. આજના દિવસે પણ બપોરનો આરામ મળ્યો ન હતો. રાત્રિના ૯ વાગ્યે ગુરુજી ઠાકોરજી જમાડવા પધાર્યા. જમાડીને ચેષ્ટા પૂર્ણ કર્યા બાદ કેટલાક હરિભક્તો સાથે અંગત બેઠક તથા અંગત મિટિંગમાં વ્હાલા ગુરુજી વ્યસ્ત રહ્યા. જેમાં રાત્રિના ૧૦:૪૫ વાગી ગયા. છતાં ગુરુજીએ કહ્યું, "ચાલો, સભા કરીએ." વ્હાલા ગુરુજીના મુખ પર અતિશય થાક જણાઈ આવતો હતો. સૌએ ના પાડી અને આરામ કરવા જણાવ્યું તેમ છતાંય જે હરિભક્તો હાજર હતા તેમને સભાનો લાભ આપ્યા બાદ જ ગુરુજી ઉતારે પધાર્યા.

ત્રણ દિવસ દરમ્યાન રાત્રિના ત્રણેય સેશનમાં ગુરુજીએ કથાવાર્તાનો લાભ આપી સૌને સુખિયા કર્યા. તેઓએ મહારાજના સંકલ્પોને સાકાર સ્વરૂપ આપવાની સેવામાં કદી પોતાના અવરભાવ સામું જોયું નથી. એક શિષ્ય હોવાના નાતે મળેલા મોટાપુરુષના અવરભાવ અને પરભાવનું જતન કરવાની દુનિયામાં પગરણ માંડીએ.

કથાવાર્તાથી જ રાજીપાની રીત શીખવા મળે.



# મારા બાપાશ્રી

બાળપણથી જ મુક્તરાજ અબજીભાઈ નવી નવી લીલાઓ કરતા. આ મુક્તરાજ સૌને ઐશ્વર્ય, પરચા, ચમત્કાર જણાવતા. અબજીભાઈની આવી અલૌકિક ચેષ્ટા જોઈ સૌના માનસપટ પર સહેજે એવો વિચાર આવી જતો કે, 'આ બાળમુક્ત કોઈ સામાન્ય બાળક નથી પરંતુ બહુ સમર્થ અને મોટા મુક્ત છે.'

અબજીભાઈ તો બાળપણથી જ એક એક કે બે બે માસ સુધી ઘણી વાર અન્ન-જળ કે દૂધ-દહીં લીધા વિના અખંડ મૂર્તિમાં જોડાઈ રહેતા. વળી ભાખોડિયાં ભરતાં શીખ્યા પછી પણ દોડતાં દોડતાં ઘરમાં જ્યાં ઠાકોરજીનું સિંહાસન કે ઘરમંદિર હોય ત્યાં પહોંચી જતા અને આંગળી ચીંધી સહુને મહારાજની મૂર્તિ બતાવતા.

વળી, બાળસખાઓને પોતાની સાથે ધ્યાન કરવા બેસાડતાં ત્યારે બીજા બાળસખાઓ થોડી વાર આંખો મીંચી રાખતા અને પાછા આંખો ખોલી રમવા લાગતા. જ્યારે આ મુક્તરાજ અબજીભાઈ તો ધ્યાન કરવા આંખો મીંચતાંની સાથે જ મૂર્તિના સુખમાં ઊંડા ઊતરી જતા. બાળસખાઓ તેમને જગાડવા ઘણા પ્રયત્ન કરતા પરંતુ અબજીભાઈ ધ્યાનમાંથી જાગ્રત ન થતા એટલે બાળકો થાકીને પાછાં રમવા લાગતાં. થોડી વારે અબજીભાઈ જાગતા એટલે સૌ બાળસખાઓને બેસાડી મહાપ્રભુની દિવ્ય મૂર્તિનું તથા સુખનું વર્ણન કરતા. પરંતુ બાળસખાઓ મુક્તરાજની અલૌકિક સ્થિતિને સમજી શકતા નહીં.

ક્યારેક સખાઓ સાથે આ મુક્તરાજ કાળી તલાવડીએ સ્નાન કરવા જતા તો ડૂબકી મારી કોણ વધુ સમય જળમાં રહે છે તેવી રમત રમતા. બીજા સખાઓ બે, ત્રણ કે ચાર મિનિટ પાણીમાં રહી બહાર નીકળી જતા. જ્યારે આ મુક્તરાજ એક-બે કલાક પાણીમાં બેસી રહેતા. બધા મિત્રો મુક્તરાજને ખૂબ શોધતા, સ્તુતિ કરતા, ચિંતા કરતા અને રડી પડતા. ત્યારે મુક્તરાજ બહાર આવી બધાને ધીરજ આપતા અને કહેતા, "અમે તો ઠેઠ અક્ષરધામમાં જઈ મહારાજની મૂર્તિમાં થીજી ગયા

હતા. પછી તમે પ્રાર્થના કરી એટલે મહારાજની ઇચ્છાથી અમે અહીં પાછા આવ્યા.'' આમ, મુક્તરાજ દરેક રમતમાં કંઈક ને કંઈક ચરિત્ર કરી સૌને હેરત પમાડતા.

ઝાલમડીદાવ રમતા તો બધા સખા તેમને પકડવા દોડી દોડીને થાકી જતા કારણ કે જેટલા સખા એટલાં સ્વરૂપ કરી પોતે દોડતા હોય ત્યાં કોને પકડવા ? કેમ પકડવા ?

મુક્તરાજ અબજીભાઈ નવ-દસ વર્ષની ઉંમરે તો સવારમાં વહેલા ઊઠી મૂર્તિનું ધ્યાન કરવા બેસી જતા. ત્યારબાદ મુક્તરાજ શૌચવિધિ અને દાતણક્રિયા પતાવી મહાપ્રભુની મૂર્તિને સંભારતા થકા સ્નાન કરતા. મુક્તરાજ એક વસ્ત્ર પહેરી અને એક ઓઢી મંદિરમાં જઈ પવિત્ર આસન ઉપર બેસી પૂજા કરતા. સવારે અને સાંજે સુમધુર કંઠે વચનામૃત, ભક્તચિંતામણિ તથા નિષ્કુળાનંદ કાવ્ય જેવા ગ્રંથ વાંચી સૌને મહારાજના ગૂઢાર્થ સમજાવતા. એક એક શબ્દ પર મોટા મોટા વિદ્વાનો, શાસ્ત્રીઓ, પંડિતો કે સંપ્રદાયના મોટા મોટા સદ્ગુરુવર્ય સંતો અર્થ ન કરી શકે તેવા પરોક્ષાર્થનો પ્રત્યક્ષાર્થ આ મુક્તરાજ સૌને સમજાવતા. તેમની દરેક વાતમાં નાનપણથી જ એ વાત મુખ્ય આવતી કે, 'સ્વામિનારાયણ ભગવાન સર્વ અવતારના અવતારી સર્વોપરી ભગવાન છે. એકમેવાદ્વિતીય બ્રહ્મ, અજોડ અને સનાતન સ્વામિનારાયણ ભગવાન જ છે. એમની મૂર્તિમાં રસબસભાવે રહેલા અનાદિમુક્તો અનેક છે અને ભગવાન સ્વામિનારાયણ એક છે. અનાદિમુક્તો ભોક્તા છે અને શ્રીજીમહારાજ દાતા છે. એમની આજ્ઞામાં રહેવું અને નિયમ-ધર્મમાં ખબડદાર થઈ મહાપ્રભુને રાજી કરવા.'

આમ, બાળપણથી જે જે એમની વાતો સાંભળતા તેમને એવી પ્રતીતિ સહેજે જ થઈ આવતી કે, 'આ મુક્તરાજ મહારાજના સંકલ્પથી જ પ્રગટ થયેલા છે.' તેમ છતાં મુક્તરાજ તો પોતે પોતાનો પ્રતાપ ઢાંકી-ઢબૂરી સેવકભાવે વર્તતા. કિશોર અવસ્થાને પામેલા આ મુક્તરાજને મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે નંદસંતોનાં બનાવેલાં અગિયારસો ચોસર કીર્તન મુખપાઠ આવડતાં (એટલે કે ૪૪૦૦ કીર્તન). આ બધા ગુણો જ તેમની મહાનતાનું દર્શન કરાવતા. મુક્તરાજ જ્યારે મંદિરમાં ઠાકોરજી આગળ ઊભા રહી સુમધુર કંઠે કીર્તન બોલતા કે તેમના મુખે સભામાં બેસી કથા વાંચતા ત્યારે કેટલાય નિર્દોષ ભક્તોને સિંહાસનમાં બિરાજેલ મૂર્તિનાં દિવ્ય તેજોમય દર્શન થતાં. કેટલાયને તે વખતે અખંડ મૂર્તિ દેખાવા લાગતી. તો વળી કેટલાય ભક્તોને મહારાજ સાક્ષાત્ આ સભામાં આવીને બિરાજ્યા છે તેવાં દર્શન થતાં. અને કેટલાકને તેજના અંબારમાં મહારાજની સાથે આ મુક્તરાજનાં પણ દર્શન થતાં. આમ, મુક્તરાજ અબજીભાઈ સૌ પ્રેમી અને નિર્દોષ હરિભક્તોને દિવ્ય દર્શનનો અનુભવ કરાવતા. તો વળી, પ્રસંગોપાત્ત પોતાના માતાપિતાને પણ દિવ્યભાવ જણાવતા.

એક વખત પાંચાભાઈ માંદા પડ્યા હતા. ઘણા દિવસથી માંદગીને લીધે તેઓએ કાંઈ જ જમાડેલું નહીં. એક દિવસ શરીરે થોડું સારું થયું એટલે દેવબાએ પૂછ્યું કે, ''તમારે કાંઈ જમવું છે ?'' પાંચાભાઈએ ખજૂર જમવાની ઇચ્છા બતાવી. પણ... ખજૂર લાવવી ક્યાંથી ? બળદિયામાં ખજૂર મળતી નહિ અને મળે તોપણ લાવવા માટે ઢીંગલા (પૈસા) હતા નહીં. તેથી દેવબાની આંખમાં આંસુ આવી ગયાં અને ચિંતા કરવા લાગ્યાં. એ જ સમયે મુક્તરાજ અબજીભાઈએ ઘરમાં પ્રવેશ કર્યો. માતુશ્રીની આંખમાં આંસુ જોઈ કહ્યું, ''શું થયું ? કેમ ચિંતા કરો છો ?'' ત્યારે દેવબાએ બધી વાત કહી. મુક્તરાજ તો નિખાલસભાવે બોલ્યા, ''તમે ચિંતા ન કરો. હું હમણાં જ ખજૂર લઈ આવું છું.''

અને પાંચ-દસ મિનિટમાં જ મુક્તરાજ તો નવી-મોટી સુંદર ખજૂરનો થાળ ભરી ઘરમાં આવ્યા. ઠાકોરજીને ખજૂર ધરાવી પાંચાપિતાને તથા ઘરના સૌ સભ્યોને આપી અને પોતે પણ જમ્યા. આ અલૌકિક ચરિત્ર જોઈ માતુશ્રીએ પૂછ્યું, ''હે મુક્તરાજ ! આ ખજૂર ઢીંગલા વગર ક્યાંથી લાવ્યા ?'' મુક્તરાજે કહ્યું, ''હે માતુશ્રી ! હું ખજૂર લેવા બહાર નીકળ્યો ત્યાં તો શ્રીજીમહારાજ ખજૂરનો થાળ ભરી સામે મળ્યા અને મને એ થાળ આપતાં કહ્યું જે, 'લ્યો આ ખજૂર. તમારા પિતાશ્રીને જમાડજો અને સૌને પ્રસાદી આપજો.' '' આમ, મુક્તરાજના આવા નિત્ય બાળ ચમત્કાર જોઈ તથા મહારાજ સાથેની એકતા જોઈ માતાપિતા તથા ઘરના સૌ સભ્યોને પણ આ મુક્તરાજને વિષે દિવ્યભાવ વધવા લાગ્યો.

સંતો મંદિરમાં આવતા ત્યારે મુક્તરાજ અબજીભાઈ સેવા કરવા માટે અડધા અડધા થઈ જતા અને દોડાદોડ કરી મૂકતા. મુક્તરાજ અબજીભાઈ સંતોનાં આસન પાથરી આપતા, વસ્તુ લાવી આપતા વગેરે સેવા કરવા મંડી પડતા. સંતો તેમનો મહિમા સમજી ના પાડતા છતાં તેઓ સદાય નિર્માનીપણે જ વર્તતા. વળી કોઈને ત્યાંથી રસોઈનું સીધું લાવવાનું હોય તો દરેક આંટે એક એક વસ્તુ જ લાવતા. ત્યારે સંતો કહેતા કે, ''મુક્તરાજ ! આ એક આંટે બધું લાવી દેતા હોય તો વધુ આંટા ખાવા ન પડે ને.'' ત્યારે મુક્તરાજ કહેતા, ''સ્વામી ! સંતોની સેવા માટે વધુ આંટા ખાવા મળે તો મહારાજનો વધુ રાજીપો થાય ને !'' કેવી સેવાની ધગશ અને ઉત્સાહ ! આમ, મુક્તરાજ અબજીભાઈનું સંપૂર્ણ બાળપણ સૌના માટે અત્યંત સુખકારી હતું.

# પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. ત્યાગી મહિલામુક્તોનું ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડ ખાતે સત્સંગ વિચરણ










મહારાજ અને મોટાપુરુષનો કારણ સત્સંગ વિશ્વવ્યાપી કરવાનો સંકલ્પ અત્યારે સોળે કળાએ ખીલ્યો છે. દેશ-વિદેશમાં કારણ સત્સંગના વિજયવાવટાઓ લહેરાઈ રહ્યા છે. એ ન્યાયે તા. ૨૪-૭-૨૦૨૫ના રોજ ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડ ખાતે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે પૂ. ત્યાગી મહિલામુક્તોનું વિચરણ યોજાયું હતું. પૂ. કુંદનબેન, પૂ. રુચિબેન, પૂ. નિકિષાબેન તથા પૂ. અવનીબેન ઈન્ડિયાથી એડીલેટ ખાતે વિચરણ અર્થે પધાર્યાં હતાં. સાથે પ.ભ. શ્રી મોનાબેન ઠક્કર તથા પ.ભ. આર્ચીબેન ઠક્કરે લાભ લીધો હતો. ઑસ્ટ્રેલિયા ખાતે બ્રિસ્બેન, એડીલેટ, સિડની, ઓબરી, મેલબોર્ન જેવાં વિવિધ શહેરો તથા ન્યૂઝીલૅન્ડ ખાતે ઑકલૅન્ડમાં વિચરણનું આયોજન થયું હતું. સત્સંગ વિચરણ દરમ્યાન મહારાજ અને બાપાના જ્ઞાન-સિદ્ધાંતનો, વ્હાલા ગુરુજીના સંકલ્પોનો દઢાવ થાય તે માટે દરેક સેન્ટરોમાં જુદાં જુદાં આયોજનો થયાં હતાં. જેમાં મહિલા શિબિર, મહિમા સભા, પ્રાતઃ સભા, રાત્રિ સભા, જાહેર સભા, મહિમા ગોષ્ઠિ, અંગત સભા, બાલિકા સભા, કિશોરી સભા, બાલિકા સ્પૉર્ટ્સ ડે, કિશોરી સંમેલન, અગ્રેસર તાલીમ, કાર્યકર ડે, પિકનિક, મહાપૂજા, અંગત બેઠકો, પધરામણી વગેરે આયોજનોથી સૌ મહિલા હરિભક્તો, બાલિકા-કિશોરીઓ મોટાપુરુષના મહાત્મ્યથી હર્ષાભર્યાં થયાં હતાં.

બ્રિસ્બેન ખાતે નિર્માણ પામી રહેલ નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાના ભાગ રૂપે નૂતન પ્રૉજેક્ટ 'પધારો મહારાજ' મહિલા વિભાગ ખાતે કરવામાં આવ્યો. 'પધારો મહારાજ' અન્વયે થયેલ મહારાજની વાજતે-ગાજતે પધરામણી તથા સભા દ્વારા સૌ મહિલા હરિભક્તો વિશેષ ઉત્સાહી બન્યાં અને મહારાજનાં વધામણાં માટે થનગનાટ વ્યાપ્યો હતો.

ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડના કુલ ૫૫ દિવસના વિચરણ દરમ્યાન ૧૪૮ પધરામણી, ૧૫૩ સભા-શિબિરો, ૧૭૭ અંગત બેઠકો દ્વારા મહિલા સમાજ મહારાજ અને ગુરુજીને રાજી કરવાના માર્ગે આગળ વધ્યો હતો. સત્સંગ વિચરણ પૂર્ણ કરી પૂ. ત્યાગી મહિલામુક્તો તા. ૧૬ સપ્ટેમ્બરના રોજ ઇન્ડિયા પરત પધાર્યાં હતાં.

# પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. ત્યાગી મહિલામુક્તોનું આફ્રિકા-દુબઈ ખાતે સત્સંગ વિચરણ









મહારાજ અને મોટાપુરુષના પ્રચંડ સંકલ્પોની પુષ્ટિ અર્થે તથા વિદેશના મહિલા સમાજને મહારાજ અને મોટાપુરુષના મહિમાસભર કરવા પૂ. ત્યાગી મહિલામુક્તોનું આફ્રિકા તથા દુબઈ ખાતે દિવ્ય સત્સંગ વિચરણ યોજાયું.

તા. ૧૫ ઑગસ્ટ, ૨૦૨૫ના રોજ પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહાપ્રભુ સંગે પૂ. હેતલબેન, પૂ. ફાલ્ગુનીબેન, પૂ. રિન્કુબેન તથા પૂ. ઈશાબેન આફ્રિકાના યુગાન્ડા એરપોર્ટ પર પધાર્યાં. સાથે મહિલા હરિભક્તોમાં સેવા-સમાગમનો લાભ લેવા પ.ભ. જ્યોતિબેન પટેલ અને પ.ભ. ચેતનાબેન પટેલ પણ જોડાયાં હતાં.

તા. ૧૫ ઑગસ્ટથી ૭ સપ્ટેમ્બરના આફ્રિકાના વિચરણ દરમ્યાન કમ્પાલા તથા કેન્યા ખાતે નાઈરોબી અને મોમ્બાસામાં વસતા હરિભક્તોને લાભ આપી બળિયા કર્યાં હતાં. તા. ૮થી ૨૦ સપ્ટેમ્બર દરમ્યાન દુબઈ ખાતે સત્સંગ વિચરણનું આયોજન થયું હતું.

મહારાજ-બાપાના સંકલ્પો પૂરા કરવા માટે ત્યાં વિવિધ સત્સંગ પ્રવૃત્તિઓનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પધરામણી, રસોઈ, મહાપૂજા, અંગત બેઠક, અંગત સભા, મહિમા સભા, પ્રાતઃ સભા, જાહેર સભા, કાર્યકર ડે, સમૂહયજ્ઞ, સમૂહપૂજા, પિકનિક, ભક્તિયાત્રા, સ્પોર્ટ્સ ડે તથા શિબિરો જેવા વિશિષ્ટ કાર્યક્રમો દ્વારા સૌ વિશેષ મહિમાસભર થયા. બાલિકા સભા, કિશોરી સભાઓ દ્વારા બાલિકા-કિશોરી સમાજે પણ રાજીપાના માર્ગે પ્રયાણ કર્યું. વિવિધ મિટિંગો-ટ્રેનિંગો દ્વારા સૌને વિશેષ માર્ગદર્શન મળ્યું.

આમ, આફ્રિકા અને દુબઈ ખાતે યોજાયેલ ૩૭ દિવસના વિચરણ દરમ્યાન ૨૨૬ પધરામણી તથા ૮૦થી વધુ અંગત બેઠક, ૬૫થી વધુ સભા-શિબિરો દ્વારા આફ્રિકા-દુબઈના મહિલા સમાજે લાભ લઈ મહારાજ અને મોટાપુરુષને રાજી કરવાના માર્ગે પગરણ માંડ્યાં હતાં. આ સત્સંગ વિચરણ પૂર્ણ કરી પૂ. ત્યાગી મહિલામુક્તોએ ૨૦ સપ્ટેમ્બરના રોજ ભારત પરત આવવા માટે પ્રસ્થાન કર્યું હતું.

## આંતરરાષ્ટ્રીય માતૃ-પિતૃ વંદના





વ્યક્તિમાત્રના જીવનમાં પોતાના માતાપિતાનું એક અદકેરું સ્થાન હોય છે. અન્ય સંસ્કૃતિ કરતાં ભારતીય સંસ્કૃતિમાં આ બાબતનું વિશેષ મુખ્યપણું જોવા મળે છે. પરંતુ પશ્ચિમી સંસ્કૃતિનો વાયરો ધીરે ધીરે આ મૂલ્યોને નષ્ટ કરી રહ્યો છે. આ વિકટ પરિસ્થિતિમાં વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના આદેશથી એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા એક મુહિમ (ચળવળ) ચલાવવામાં આવી રહી છે. વ્હાલા ગુરુજીની આજ્ઞાથી દેશ-વિદેશમાં એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા ચાલતા તમામ બાળ, યુવક અને મહિલા મંડળમાં દર વર્ષે એક વાર ‘આંતરરાષ્ટ્રીય માતૃ-પિતૃ વંદના’ દિનની ઉજવણી કરવામાં આવે છે. ઈ.સ. ૨૦૨૫ દરમ્યાન તા. ૨૧-૯-૨૦૨૫ ને રવિવારના રોજ સાંજે ૫થી ૭ દરમ્યાન આ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રોગ્રામની શરૂઆત માતાપિતાએ પોતાનાં બાળકો પર કરેલા ઉપકાર આધારિત ‘વંદના ગીત’ દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રાસંગિક પ્રવચનમાં પૂ. વિવેકસ્વામીએ લાભ આપ્યો હતો અને માતાપિતાએ આપણા પર કરેલા ઉપકારોનું મહત્ત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગને આધારિત આજરોજ એક વિશેષ ટેલિફિલ્મનું દર્શન કરાવવામાં આવતાં સૌ કોઈ ભાવવિભોર બન્યા હતા. વ્હાલા ગુરુજીએ દિવ્યવાણી દરમ્યાન આજની યુવાપેઢીને આ મૂલ્યોનું, આ વારસાનું વર્ષો સુધી જતન કરતા રહેવાની આજ્ઞા કરી હતી. ત્યારબાદ સૌ મુકતોએ પોતાના માતાપિતાના પૂજન-આશીર્વાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

આમ, આ ઑનલાઇન માતૃ-પિતૃ વંદના કાર્યક્રમનો અંદાજે ૬૩,૦૦૦થી પણ વધુ હરિભકતો લાભ લઈ ધન્ય બન્યા હતા.

## મૂર્તિસુખે સુખિયા

**કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે :**

**મૂ.નિ. પ્રવીણભાઈ બબલદાસ પટેલ, ઉંમર વર્ષ-૫૮, પુંધરા; તા. ૧૨-૯-૨૦૨૫**

**મૂ.નિ. બળદેવભાઈ ગોકળભાઈ પટેલ, ઉંમર વર્ષ-૭૫, નાની મજેઠી; તા. ૧૫-૯-૨૦૨૫**

**મૂ.નિ. દિલીપભાઈ બાલુબાઈ ઉમરાણિયા (દીવડાવાળા), ઉંમર વર્ષ-૬૮, ઇસનપુર; તા. ૨૦-૯-૨૦૨૫**

**મૂ.નિ. નાથાભાઈ કાનાભાઈ પટેલ, ઉંમર વર્ષ-૭૧, રણછોડના મુવાડા; તા. ૧-૧૦-૨૦૨૫**

**મૂ.નિ. વિનોદભાઈ ભગવાનજીભાઈ સોલંકી, ઉંમર વર્ષ-૭૫, ઉના; તા. ૨-૧૦-૨૦૨૫**

**મૂ.નિ. રાજેશભાઈ જયંતિલાલ શાહ, ઉંમર વર્ષ-૬૧, વડોદરા; તા. ૬-૧૦-૨૦૨૫**

**મૂ.નિ. ચંપકભાઈ જીવણભાઈ ઠક્કર, ઉંમર વર્ષ-૭૫, વાસણા; તા. ૧૫-૧૦-૨૦૨૫**

**મૂ.નિ. ભાનુબેન કૌશિકભાઈ ઠક્કર, ઉંમર વર્ષ-૬૧, પાટડી; તા. ૧૬-૯-૨૦૨૫**

**મૂ.નિ. તરુલતાબેન પ્રવીણભાઈ ગજ્જર, ઉંમર વર્ષ-૮૬, વાસણા; તા. ૧૫-૧૦-૨૦૨૫**

**મૂ.નિ. જશોદાબેન જ્યેષ્ઠારામ ઠક્કર, ઉંમર વર્ષ-૯૪, વાસણા; તા. ૧૫-૧૦-૨૦૨૫**

**આ મુક્તોએ ઘરધણી થઈ તન, મન અને ધનથી સંસ્થાને વફાદાર રહીને મમત્વભાવે સેવાઓ કરી છે અને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે. શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના ચૈતન્યને મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે.**



સ્વામિનારાયણ ધામ

# દિવ્ય અન્નકૂટ દર્શન



રાજકોટ



વરાછા, સુરત



પાસોદરા, સુરત



વાસણા



મહેસાણા


નરોડા


વડોદરા


સે. ૬, ગાંધીનગર


નવી મુંબઈ


ઘાટલોડિયા


મોરબી


ભક્તિનિવાસ, ગાંધીનગર


જર્સીસિટી


એડિસન


લંડન


બોસ્ટન


ચેરીહિલ

### કારણ સત્સંગના વિશ્વવ્યાપી પ્રવર્તન કાજે

# વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ



## વ્હાલા ગુરુજીએ દર્શન-આશીર્વાદ દ્વારા વહાવેલી અભયદાનની અનેરી સરવાણી...

**તા. ૧૭-૯-૨૫**ના રોજ **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં પ્રત્યક્ષ તથા ઑનલાઈન ૩૧,૮૭૪થી વધુ મુમુક્ષુમુક્તોને પોતાની દિવ્યવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ સંધ્યા સમયે **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પ્રેમીજનોને નિકટ દર્શનનો લાભ આપી અભયવર્ષાનો લાભ આપ્યો હતો.

**તા. ૨૦-૯-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **રામસૌર બડા (રાજસ્થાન)** ખાતે પ્રાતઃ સમયે જાહેર સભામાં ૧૨૫૦થી પણ વધુ મુક્તોને લાભ આપી સુખિયા કર્યા હતા. વળી, ૫ પધરામણીનો લાભ આપી પ્રેમીજનોના મનોરથ પૂર્ણ કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **સંજેલી (ગોધર)** ખાતે સંધ્યા સમયે મંદિરના ચતુર્થ પાટોત્સવ નિમિત્તે ઉપસ્થિત ભાવિક ભક્તોને પ્રભુ રીઝવવાની અદ્‌ભુત રીત શીખવી હતી. તેમજ રાત્રિ સમયે **સંજેલી** ખાતે જાહેર સભામાં ૨૮૦૦થી વધુ મુક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **સંજેલી** ખાતે ૧ પધરામણીનો લાભ આપી હરિભક્તના કાલાવાલાનો સ્વીકાર કર્યો હતો.

**તા. ૨૧-૯-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **મલેકપુર** ખાતે ત્યાંના સ્થાનિક ભક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપી આશીર્વર્ષામાં ભીંજવ્યા હતા. વળી, આજરોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **કુબેરના મુવાડા (ગોધર)** ખાતે ૧ પધરામણી તેમજ જાહેર સભામાં ૨૨૫૦થી વધુ ભક્તોને હેપી ફેમિલિ બનાવવાના ઉપાયરૂપ દિશાદર્શન કરાવી સુખિયા કર્યા



અવિરત વિચરણના હિમાયતી એટલે વ્હાલા ગુરુજી.

હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમયે **લુણાવાડા** ખાતે ૭ પધરામણી તેમજ ૧ રસોઈની સેવાનો લાભ આપી ભાવિક ભક્તોના ભાવનો સ્વીકાર કર્યો હતો. તેમજ રાત્રિ સમયે **વ્હાલા ગુરુજી**એ **લુણાવાડા** ખાતે હેપી ફૅમિલિ સભા અંતર્ગત ૩૩૫૦થી વધુ મુક્તોને આત્મીયતાના પાઠ શીખવી આત્મીય બનવા પ્રેરણા પૂરી પાડી હતી.

**તા. ૨૪-૯-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **વાસણા** ખાતે જ્ઞાન-ધ્યાન ચિંતન ઉપક્રમે પ્રત્યક્ષ તથા ઑનલાઇન લાભ લેનાર મુક્તોને આધ્યાત્મિક માર્ગે આગળ વધવા માટેનું અનેરું ભાથું આપ્યું હતું. વળી, આજરોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે ઉપસ્થિત હરિભક્તોને કાયમી સંભારણાં રૂપ સ્મૃતિછબીનો લાભ આપ્યો હતો.

**તા. ૨૫-૯-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે પ્રાતઃ સમયે સંસ્થાના પાયામાં ભોગ આપનાર પ્રસાદીના વડીલ હરિભક્તોને અંગત લાભ આપી અમૂલ્ય સંભારણાં આપ્યાં હતાં. વળી, આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમયે **વાસણા** ખાતે ચુનંદા હરિભક્તોને રાજીપાદર્શનનો લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **સેટેલાઇટ** ખાતે ૧ પધરામણી, મહાપૂજા, રસોઈનો તથા પરિવાર સભાનો લાભ આપી પ્રેમીજનોના મનોરથ પૂર્ણ કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **વાસણા** ખાતે સ્થાનિક હરિભક્તોને જ્ઞાન-ધ્યાન ચિંતનમાં લાભ આપી રાજીપાના માર્ગે આગળ વધવાનું દિશાદર્શન કરાવ્યું હતું.

**તા. ૨૬-૯-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે ગુરુકુલમાં અભ્યાસ કરતા સંસ્થાના ભવિષ્ય સમ SBSના મુક્તોને અંગત લાભ આપી માતૃવાત્સલ્ય સ્નેહથી ભીંજવ્યા હતા.

**તા. ૨૭-૯-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે ૧૨ પધરામણી અને ૧ રસોઈની સેવાનો લાભ આપી ભાવિક ભક્તોના ભાવનો સ્વીકાર કર્યો હતો. વળી, આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમયે **ચાંદખેડા** ખાતે ૫ પધરામણી અને ૧ રસોઈની સેવાનો લાભ આપી પ્રેમીજનોના મનોરથ પૂર્ણ કર્યા હતા. તેમજ આજરોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સમે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે ત્યાંના સ્થાનિક અનુયાયીઓને કાયમી સંભારણાં રૂપ સ્મૃતિછબીનો લાભ આપી કૃતાર્થ કર્યા હતા.

**તા. ૨૮-૯-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **ગાંધીનગર, સેક્ટર-૬** ખાતે ગાંધીનગર ઝોનના કાર્યકર મુક્તોને અંગત લાભ આપી જોમ અને જુસ્સાનો સંચાર કરી ઊર્જાવંત કર્યા હતા. વળી, આજરોજ **વ્હાલા ગુરુજી**એ **ગાંધીનગર, સેક્ટર-૬** ખાતે ૩ પધરામણી તેમજ ૧ રસોઈની સેવાનો લાભ આપી પ્રેમીભક્તોને કૃતાર્થ કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે આદર્શ પ્રૉજેક્ટના મુક્તોને લાભ આપી રાજીપાના માર્ગે આગળ વધવાનું બળ પૂરું પાડ્યું હતું.

**તા. ૨૯-૯-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **કલોલ** ખાતે પ્રાતઃ સભામાં સ્થાનિક હરિભક્તોને સાત શેર ઘીના મૈસૂબ જેવી અનુભવાત્મક દિવ્યવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા. વળી, આજરોજ **વ્હાલા ગુરુજી**એ **કલોલ** ખાતે ૧ પધરામણીનો લાભ આપી ભક્તજનોને સુખ આપ્યું હતું.

**તા. ૩-૧૦-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં પ્રત્યક્ષ તથા ઑનલાઇન ૨૮,૩૫૯થી વધુ મુમુક્ષુઓને અમૃતવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૪-૧૦-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વિજાપુર** ખાતે પ્રાતઃ સભામાં ત્યાંના સ્થાનિક મુક્તોને દિવ્યવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **વિજાપુર** ખાતે પ્રાતઃ સમયે ૫ પધરામણી તેમજ ૧ રસોઈની સેવાનો લાભ આપી પ્રેમીજનોના મનોરથ ફળીભૂત કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમયે **વિસનગર** ખાતે ૬ પધરામણીનો લાભ આપી ભાવિક ભક્તોના ભાવનો સ્વીકાર કર્યો હતો. તેમજ રાત્રિ સમયે **વિસનગર** ખાતે હેપી ફૅમિલિ સભા અંતર્ગત ૨૦૦૦થી વધુ મુક્તોને આત્મીયતા કેળવવા માટેના પાઠ શીખવ્યા હતા.

**તા. ૫-૧૦-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ઊંઝા** ખાતે પ્રાતઃ સભામાં દિવ્યવાણીનો લાભ આપી ત્યાંના સ્થાનિક ભક્તોને મહિમાવંત કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **ઊંઝા** ખાતે ૪ પધરામણી તેમજ ૧ રસોઈની સેવાનો લાભ આપી આસ્થાવાન ભક્તોની ભાવના પૂર્ણ કરી હતી. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **પાલનપુર** ખાતે સંધ્યા સમયે ૫ પધરામણીનો લાભ આપી પ્રેમીજનોના પ્રેમનો સ્વીકાર કર્યો હતો તેમજ રાત્રિ સમયે **પાલનપુર** ખાતે હેપી ફૅમિલિ સભા અંતર્ગત ૧૪૫૦થી વધુ મુક્તોને અનુભવાત્મક દિવ્યવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૭-૧૦-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે પૂનમ સમૈયામાં પ્રત્યક્ષ તથા ઑનલાઇન ૩૨,૦૭૪થી વધુ મુક્તોને અધ્યાત્મ માર્ગમાં સત્પુરુષની જરૂરિયાત વિષયક અદ્‌ભુત લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **સેટેલાઇટ** ખાતે નવમા પાટોત્સવ અંતર્ગત ત્યાંના સ્થાનિક શ્રદ્ધાળુ ભક્તોને પ્રભુ રીઝવવાની અદ્‌ભુત રીત શીખવી હતી.

**‘ઘનશ્યામ’ એટલે...**

- **શ્રેષ્ઠ સંગ... શ્રેષ્ઠ મિત્ર... શ્રેષ્ઠ માર્ગદર્શક...**
- **જીવનધ્યેયનું સ્પષ્ટીકરણ આપનાર.**
- **શ્રીજીમહારાજના રહસ્યજ્ઞાનનો ખજાનો.**
- **વ્યવહારિક અને આધ્યાત્મિક પ્રશ્નોનો ઉકેલ આપનાર.**
- **દિવ્યજીવનના રાહ પર લઈ જતું, ચલાવતું અને દોડાવતું.**

---

**ઘનશ્યામ MP3 Audio**
ઘનશ્યામ સામયિકના તમામ લેખો ઓડિયો સ્વરૂપે શ્રવણ કરવા મળશે.
www.smvs.org/Audio

**ઘનશ્યામ PDF**
ઘનશ્યામ સામયિક PDF સ્વરૂપે વાંચવા મળશે.
www.smvs.org/Download

**ઘનશ્યામ Jukebox**
ઘનશ્યામ સામયિકના તમામ લેખો હવે youtube પર માણવા મળશે.
www.youtube.com/smvs

---

**તો આવો, ઘનશ્યામ સામયિકને વાંચન અને શ્રવણ કરી આપણા આધ્યાત્મિક ક્ષેત્રને નવો આયામ આપીએ...**

**ઘનશ્યામ સામયિક MP3 Audio, Jukebox તથા PDF સ્વરૂપે www.smvs.org વેબસાઇટ ઉપર દર માસે વાચકો માટે નિઃશુલ્ક ઉપલબ્ધ છે...**

---

## હરિકૃષ્ણ મહારાજની દિવ્ય મહાપૂજા

ગુરુદેવ પ.પૂ. બાપજીએ જેમ આ લોકનાં દુઃખ દૂર કરવા માટે ગોધરમાં અભિષેકના ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા કરી છે, તેમ પરલોકનાં સુખો માટે, આંતરતંત્રની શુદ્ધિ માટે, મહાપ્રભુનાં અત્યુત્તમ સુખો માણવા માટે તેમજ મહારાજ અને મોટાપુરુષને પ્રિય એવા નિષ્કામપણાને દૃઢ કરવા માટે ગુરુદેવ પ.પૂ. બાપજીએ સ્વામિનારાયણ ધામ અને મહેસાણા મંદિર ખાતે વ્હાલા હરિકૃષ્ણ મહારાજની પૂર્ણ કદની મૂર્તિઓ પધરાવી છે. આ દિવ્ય મૂર્તિની મહિમા અને શ્રદ્ધાએ સહિત મહાપૂજા કરવાથી પરલોક કહેતાં મહાપ્રભુની મૂર્તિનું સુખ પ્રાપ્ત થાય છે. આ મહાપૂજાનો લાભ લેનાર સર્વ ભક્ત સમાજ પર વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીએ દિવ્ય આશીર્વાદ આપ્યા છે કે, “મહાપૂજાનો નિષ્કામભાવે જે જે મુક્તો લાભ લેશે તેમના અંતરની મલિન વાસનાઓ હરિકૃષ્ણ મહારાજ દૂર કરશે તેમજ તેમને મહાપ્રભુ પોતાના વ્હાલા એવા નિર્વાસનિક ભક્ત કરશે તથા તેમને મહાપ્રભુની મૂર્તિનું અદ્વિતીય સુખ પ્રદાન કરશે.”

**સર્વાવતારી શ્રી હરિકૃષ્ણ મહારાજની મહાપૂજાનો લાભ**
**મહાપૂજાની સેવાના પ્રકાર**

| | |
|---|---|
| એક વખત મહાપૂજા | - ૨૫૦ /- |
| દર પૂનમ (વાર્ષિક) | - ૨,૫૦૦ /- |
| દર એકાદશી (વાર્ષિક) | - ૫,૧૦૦ /- |
| દર રવિવાર (વાર્ષિક) | - ૧૧,૦૦૦ /- |
| આજીવન પૂનમ | - ૩૧,૦૦૦ /- |
| આજીવન એકાદશી | - ૫૧,૦૦૦ /- |
| આજીવન રવિવાર | - ૭૫,૦૦૦ /- |
| આજીવન દૈનિક મહાપૂજા | - ૧,૨૫,૦૦૦ /- |



**સ્થળ : સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર.**
**સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર, મોઢેરા રોડ, મહેસાણા.**

| | |
|---|---|
| દરરોજ સવારે | : ૦૮:૩૦થી ૧૦:૩૦ |
| દર રવિવારે સવારે | : ૦૮:૩૦થી ૧૧:૩૦ |
| દર રવિવારે બપોરે | : ૦૩:૦૦થી ૦૬:૦૦ |



# ઘૂંટણના સાંધાના દુખાવાનું સચોટ સોલ્યુશન જોઈએ છે ?

**તો SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલના નિષ્ણાત ડૉક્ટર આપી રહ્યા છે શ્રેષ્ઠ સારવાર...**



## ડૉ. સંદીપ રાઠોડ

ઑર્થોપેડિક અને
જૉઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન

**18 વર્ષ અને 15000થી વધુ**
ઑર્થોપેડિક સર્જરીઓનો
બહોળો અનુભવ

## ઘૂંટણના સાંધા બદલવાનું ઑપરેશન

ફક્ત **રૂ. 49,999/-** દવાઓ સાથે (જૉઈન્ટ અલગથી)

## જૉઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી ક્યારે બની જાય છે જરૂરી?

- સાંધામાં તીવ્ર દુખાવો
- ઊઠવા-બેસવામાં તકલીફ
- સાંધામાં સોજો અને જકડામણ
- દવાઓથી રાહત ન મળતી હોય
- ચાલવામાં અને ઊભા રહેવામાં મુશ્કેલી

**ઓ.પી.ડી.** **સોમવારથી શનિવાર**
સમય : સવારે 10:00થી સાંજે 5:00 વાગ્યા સુધી

**આયુષ્માન કાર્ડ અંતર્ગત નિઃશુલ્ક જૉઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીની સુવિધા ઉપલબ્ધ**

**દરેક વીમા કંપનીના કેશલેસની સુવિધા ઉપલબ્ધ**

SMVS SWAMINARAYAN HOSPITAL

Emergency Help Line : 73 73 73 39 04 / 05 | www.smvshospital.com

**SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ**

SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ રોડ, સ્વામિનારાયણ ધામની બાજુમાં,
કોબા ગાંધીનગર હાઈવે, ગાંધીનગર - 382 421.

**વધુ માહિતી માટે કૉલ કરો : 63 59 77 07 25**

info@smvshospital.com

Follow us :




## દિવ્ય સંત કેમ્પ : ૨૦૨૫





















## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ













(૧–૨) વાસણા ખાતે પધરામણીમાં લાભ (૩–૮) સ્વા. ધામ, ચાંદખેડા, કલોલ તથા સે. ૬ ખાતે પધરામણીમાં લાભ

Ghanshyam, November-2025 Published on 10-11-2025. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/2024-26, Valid up to 31-12-2026. Regd No. G-GNR-315/ 2024-26, Extended up to 31-12-2026. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.










## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ










 (૧-૬) મહેસાણા ઝોન : વિજાપુર, ઊંઝા, વિસનગર, પાલનપુર (૭) બનાસકાંઠા જિલ્લા કલેક્ટર શ્રી મિહિરભાઈ પટેલના નિવાસસ્થાને પધરામણીનો લાભ (૮) સેટેલાઇટ ખાતે પાટોત્સવમાં લાભ